# શહેરમાં નેટવર્ક સાથે ઈન્ટરનેટની સમસ્યામાં વધારો

## બ્રોડબેન્ડ સેવા સંપૂર્ણપણે ઠપ્પ : જીટીપીએલ બ્રોડબેન્ડ સેવા બંધ હોવાથી મોટાભાગના શહેરીજનોને હાલાકી ભોગવવી પડી રહી છે આ સાથે દરેક કંપનીના મોબાઇલ નેટવર્કમાં પણ તકલીફ

ગાંધીનગર, તા.૨૪

કોરોનાને કારણે શહેરીજનો અનેક રોજિંદા કાર્યોમાં અનેક મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે. આ સાથે શહેરમાં વર્ષા ઋતુ જામી છે ત્યારે શહેરમાં અનેક સ્થળોએ વિજળી પડવાના બનાવો પણ બન્યા છે. ઉપરાંત બાળકોનું ભણતર પણ ઓનલાઈન માધ્યમથી ચાલી રહ્યું છે. આ ઉપરાંત અનેક ઓફિશિલ વર્ક અને મિટિંગ્સ ઓનલાઈન યોજાઈ રહી છે. શહેરની સેવાભાવી સંસ્થા સંસ્થાઓ દ્વારા પણ ઓનલાઈન વેબીનાર અને સેમિનાર યોજાઈ રહ્યા છે. એટલે એમ કહી શકાય કે શહેરીજનો સંપૂર્ણ રીતે મોબાઈલ નેટવર્ક અથવા તો નેટવર્ક ઉપર હાલ નિર્ભર છે અને જો નેટવર્કમાં ઈશ્યૂ આવે તો ઘણા બધાના બનતા કામ અટકી જઈ શકે છે.

શહેરમાં પાછલા દિવસો દરમિયાન ભારે વરસાદ સાથે વીજળી પડવાથી મોબાઈલ અને બ્રોડબેન્ડ નેટવર્ક માં પ્રોબ્લેમ આવી રહ્યા છે. શહેરમાં જી .ટી .પી .એલ અને ટીકોના બ્રોડબેન્ડ ચલણમાં છે. પરંતુ પાછલા ત્રણ દિવસથી બ્રોડબેન્ડ સર્વિસ ઘણા સેકટરોમાં બંધ છે. જેને કારણે વિદ્યાર્થીઓથી લઈને મોટાઓ તમામને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ પહેલા પણ બ્રોડબેન્ડ બાબતેની ફરિયાદો નગરજનો અનેકવાર કરી ચૂક્યા છે. એટલે હવે વીજળી પડવી કે તેના લીધે થતી સમસ્યા નું કારણ નગરજનોને એટલું વ્યાજબી પણ લાગતું નથી . કસ્ટમર કેર ફોન કરતા એક જ વાત રિપીટ થાય છે કે ૨૪ કલાકમાં ઈન્ટરનેટ સર્વિસ શરૂ થઈ જશે તે વાતને ત્રણ દિવસ થઈ ગયા હોવા છતાં પણ હજુ સુધી ઈન્ટરનેટ સર્વિસમાં નગરજનોને પ્રોબ્લેમ જણાઈ રહ્યો છે.

કોરોના અને લોક ડાઉન પહેલા મોબાઈલ ઈન્ટરનેટનો વપરાશ વધુ હતો પરંતુ બ્રોડબેન્ડ નો વપરાશ એટલો હતો નહીં કે ઈન્ટરનેટ નેટવર્ક ટ્રાફિકિંગ આવે. પરંતુ હાલ દરેક વસ્તુ ખરીદીથી લઈને



વેચાણ સુધી ધંધાથી લઈને નોકરી સુધી અને શાળા થી લઈને કોલેજ સુધી તમામ કાર્યો ઓનલાઈન જ પૂર્ણ થઈ શકે છે એટલે મોટા ભાગના નગરજનોએ પોતાના ઘરમાં બ્રોડબેન્ડ સર્વિસ શરૂ કરાવી દીધી છે. મોબાઈલ નેટવર્કના પણ ગાંધીનગરમાં પહેલેથી જ ધાંધિયા છે. બી.એસ.એન.એલ પણ હવે યોગ્ય રીતે કાર્ય કરતું છે નહીં આ ઉપરાંત નેટવર્ક બાબતે ગેરન્ટી આપતું એરટેલ પણ નાતો મોબાઈલ ડેટા સર્વિસ યોગ્ય રીતે આપી રહ્યું છે ના તો બ્રોડબેન્ડ સર્વિસ સંતોષ પૂર્વક આપી શકે છે. અને વોડાફોન અને આઈડિયા સાથે ટાઈઅપ કર્યા બાદ નેટવર્કના નામે ઝીરો સર્વિસ આપી રહ્યું છે. અમૂક વિસ્તારમાં જીઓનું નેટવર્ક પણ બરાબર આવતું નથી. આ તમામ નગરજનોની ફરિયાદ છે. જીટીપીએલના કર્મચારી સાથે આ સમસ્યા અંગે વાત કરતાં તેઓ જણાવે છે કે નગરમાં વીજળી પડવાને કારણે શોર્ટ સર્કિટ થવાથી હાલ સીટી બેનની નેટવર્ક સર્વિસ બંધ છે તેમની ટીમ કામગીરી કરી રહી છે જેમને ૨૪ કલાકનો સમય આપવામાં આવ્યો છે . આ ઉપરાંત તેમણે ઉમેર્યું હતું કે, લોક ડાઉન પહેલા ૨૪ કલાક કરવાના પ્રમાણની સામે આજે ઘણા કસ્ટમર ૨૪ કલાક ઈન્ટરનેટનો ડેટા યુઝ કરી રહ્યા છે. જેના લીધે નેટવર્ક ટ્રાફિકની પણ થાય છે આ બાબતે પણ તેઓ સીસ્ટમ અપડેટ કરવાનું વિચારી રહ્યા છે.

આમ તો સ્વાભાવિક છે કે હાલ એક ઘરની વાત કરીએ તો નાનું બાળક ઓનલાઈન શિક્ષણ લે છે તેના માતા કે પિતા અથવા તો બંને ઓનલાઈન ઓફિસનું કામ કરે છે. આ ઉપરાંત ઘરના વડીલો ઘરની બહાર કોરોનાને કારણે જવાનું ન હોવાથી ભક્તિ ગીતો અથવા તો વોટ્સએપ જેવી એપ્લિકેશનનો ઉપયોગ કરતા રહે છે. એટલે કે લોકડાઉન પહેલાં મહિનાના ઈન્ટરનેટ યુઝર્સ કરતા હાલના દિવસોમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરતા નગરજનો નું પ્રમાણ વધ્યું છે. હવે જોવું રહ્યું કે, બ્રોડબેન્ડનું નેટવર્ક અને શહેરીજનો દ્વારા ઈન્ટરનેટનો ઝડપી ઉપયોગ કરવાની ઈચ્છા પૂરી થશે કે નહીં?

# કડી સર્વ વિશ્વવિદ્યાલયના જર્નાલિઝમ વિભાગના ઓનલાઈન વર્ગોનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

કોરોના વાયરસ રોગચાળો અને ત્યારબાદ થયેલ લોકડાઉનને કારણે ભારતભરની શાળાઓ અને કોલેજોને અસ્થાયી ધોરણે બંધ કરવાની ફરજ પડી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ઈ-લર્નિંગ અને ઓનલાઈન શિક્ષણને ટેકો પૂરો પાડવા માટે મહત્તમ પ્રયત્નો થયા છે ત્યારે દેશની ઘણી શાળાઓ અને કોલેજો હવે વિદ્યાર્થીઓને તેમના ઘરની અંદર જ સગવડતાથી તેમનું શિક્ષણ ચાલુ રાખવા ઓનલાઈન વર્ગો આપવાનું શરૂ કર્યું છે.

આ સમયે લોકતંત્રના ચોથા સ્તંભ સમાન મીડિયાના ફિલ્ડમા પોતાનું ભવિષ્ય બનાવવા ઈચ્છુક તાલીમાર્થીઓ લોકડાઉનના સમયમાં પોતાના તાલીમ થી વંચિત ન રહી જાય તે હેતુસર કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તાલીમાર્થીઓ માટે ઓનલાઈન વર્ગો શરૂ કરાયા છે.

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પોસ્ટ ગ્રેજયુએશન ડિપ્લોમા ઈન




જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન છેલ્લા બે અઠવાડિયાથી તાલિમાર્થીઓને કોવિડ-૧૯ના સમયમાં અનુકૂળતા વર્તાય અને કોરોના સંક્રમણના ઝપેટથી સુરક્ષિત રહે તે માટે પ્રથમ વખત ઓનલાઈન વર્ગો શરૂ કર્યા છે. ઓનલાઈન વર્ગો દ્વારા પત્રકારત્વ અભ્યાસક્રમનો પ્રારંભ ગણેશ ચતુર્થીના પાવન દિવસથી ગણેશ વંદના સાથે કરાયો હતો. તાલિમાર્થીઓને પણ પૂરેપૂરો ન્યાય મળી રહે તે અંતર્ગત અગ્રણી પત્રકારો, પત્રકારત્વ ક્ષેત્રના તજજ્ઞો તેમજ કોર્સ અંતર્ગત તાલીમ આપવા માટે રાજ્યના ખ્યાતનામ મિડીયાકર્મીઓની સેવાઓનો લાભ અપાય છે. આ પ્રસંગે પ્રથમ વખત ઓનલાઈન વર્ગમાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, પ્રવર્તમાન સમયમાં પત્રકારત્વની સાચી ઓળખ અને એક પત્રકાર તરીકે પર્સનાલિટીની વાત કહીને નવોદિત પત્રકારોને શુભેચ્છાઓ પાઠવી હતી.

ઓનલાઈન વર્ગો વિશેની વધુ માહિતી આપતાં અભ્યાસ સંયોજક મિતેષ મોદીએ જણાવ્યું હતું કે, પત્રકારત્વનાં આ કોર્સમાં પત્રકારત્વના સઘળાં પાસાઓની થિયરીકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે પણ કોરોનાનાં આ કપરાં સમયને જોતાં હાલ તાલિમાર્થીઓને યુનિવર્સિટીમાં અભ્યાસ માટે આવવું તે અનુકૂળ નથી માટે તેમના અભ્યાસ અને તાલીમમાં કોરોનાને લીધે કોઈ નુકસાન ના થાય તે હેતુસર ઓનલાઈન વર્ગો શરૂ કરાયાં છે.

# વી.કેર ફાઉન્ડેશન સંસ્થાના નવા હોદ્દેદારો નિમાયા



ગાંધીનગર, તા.૨૪

વી.કેર ફાઉન્ડેશન ગાંધીનગરની ૧૨મી જનરલ મીટીંગ ઉમિયા માતા સંસ્થાન ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ તરીકે જે.સી. પટેલ, ચેરમેન પદે મહેન્દ્રભાઈ પટેલ, વાઈસ ચેરમેન ભરતભાઈ એ. પટેલ, મંત્રી તરીકે રાજભાઈ પટેલ, ખજાનચી તરીકે જયંતિભાઈ પટેલ તથા સહમંત્રી તરીકે અશોકભાઈ પટેલની નિમણુંક થતાં અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ મીટીંગમાં કોવિડ-૧૯ની મહામારીમાં સરકારશ્રીની ગાઈડલાઈન અનુસાર પ્રમાણે ઉમિયા માતા સંસ્થાન ગાંધીનગર ખાતે મેટ્રો ન્યુઝના મંત્રી મુકેશભાઈ પટેલ, એ.પી.એમ.સી.ના ચેરમેન અશોકભાઈ પટેલ, ઉમિયા માતા સંસ્થાના પ્રમુખ ભરતભાઈ પટેલ સહિત નવા નિમાયેલા હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલોડા-હિંમતનગર હાઈવે પર હોટલ આગમન પાસે ૬૨ હજારનો દારૂ અને ટવેરા ગાડી સહિત કુલ ૩,૬૨,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે

ગાંધીનગર, તા.૨૪

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર હોટલ આગમન પાસે આવેલ ચિલોડા પોલીસ નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન કારમાંથી વિદેશી દારૂની ૯૦૦ બોટલ મળી આવી હતી. પોલીસ મથકના સ્ટાફના જવાનો રવિવારના રોજ સાંજના સુમારે વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે સમયે ટવેરા ગાડીમાંથી ૧૮૦ એમ.એલ.ના ૯૦૦ કવાટર મળી આવ્યા હતા. પોલીસે રૂ.૬૨,૧૦૦ હજારનો દારૂ અને ટવેરા ગાડી મળી કુલ રૂ. ૩,૬૨,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે આગળની તપાસ હાથ ધરી હતી.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ ચંદ્રાલા પાસે વાહન ચેકીંગ કરી રહી હતી તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી જી.જે.૧૯.એમ.-૪૬૯૨ નંબરની ટવેરા ગાડી આવી હતી. પોલીસે ગાડી ચેક કરતા સીટની નીચેથી ગુપ્ત ખાનું મળી આવ્યું હતું. જેમાંથી ૯૦૦ કવાટર મળી આવ્યા હતા, પોલીસે ગાડી ચાલકનું નામ પુછતા તે રાજસ્થાનના ઉદેપુરનો ભવરલાલ ભૈરૂલાલ ભાટ (ઉં.૩૨ માવલી) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ. ૬૨,૧૦૦ કિંમતનો દારૂ, એક મોબાઈલ ફોન અને રૂ.૩ લાખની ગાડી મળી કુલ રૂ. ૩,૬૨,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ચિલોડો પોલીસે આરોપીની સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આરોપી દારૂ કયાંથી લાવ્યો હતો અને કયાં લઈ જવાનો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# મસ્ત મોસમમાં દાળવડા-ભજીયાની મિજબાનીઓ માણતાં શહેરીજનો

## સરકારી કચેરીઓથી માંડીને ખાનગી પેઢીઓમાં ભજીયા પાર્ટીની ધુમ : દાળવડા-ગોટાની લારીઓ પર ઘરાકી વધી : શહેરીજનોના ઘરમાંથી પણ ભજીયા તળવાની મહેંક પ્રસરી રહી છે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં ચોમાસું સોળે કળાએ ખિલી ઉઠયું છે અનો ઘડીકમાં ઝાપટું તો ઘડીકમાં ઝરમર ઝરમર વરસતા સતત વરસાદી માહોલમાં શહેરીજનો દાળવડા ભજીયાની લિજ્જત માણી રહ્યા છે. ઠંડી ઠંડી આ મૌસમમાં ચ્હાની ચુસકી સાથે ગરમાગરમ દાળવડા-ભજીયાની મહેફિલો જામતી શહેરમાં જોવા મળી રહી છે.

એક તરફ શહેરમાં કોરોનાનો ભો સતાવી રહ્યો છે તેમ છતાં શહેરીજનો હવે આ મહામારીના શરણે થઈનો સમયને વધુ વેડફવાને બદલે ‘રેઈન ફોરેસ્ટ’ બની ચુકેલી પાટનગરની હરિયાળીમાં વરસતાં ચોમાસાને માણવા





અધીરા બન્યા છે. જાણે કે આ મસ્ત મજાની મૌસમમાં જીંદગી સાથે પળેપળની મહોબ્બત કરી લેવાની તાલાવલી શહેરીજનોને લાગી છે અને ખાસ કરીને સ્વાદ રસિયા શહેરીજનો આ ઋતુમાં ચટાકોર દાળવડા અને મેથીના ગોટાનો આનંદ માણવની એક પણ તક જતી કરવા માંગતા નથી. શહેરમાં અનેક ઠેકાણે જયાં દાળવટા-ગોટા-ભજીયા મળી રહ્યા છે તે લારીઓથી માંડીને નાની-મોટી હોટલ-રેસ્ટોરન્ટ પર ભીની ભીની ઋતુમાં પણ ભીડ જોવા મળી રહી છે. સતત વરસાદી મોલના કારણે સચિવાલય સહિત સરકારી કચેરીઓમાં પણ સહકર્મચારીઓ કામનો બોજો ભુલાવીને ઓફિસમાં દાળવડા-ગોટા મંગાવી સમૂહ મિજબાની માણી રહ્યા છે. એજ રીતે ખાનગી વેપારીઓ કચેરીમાં પણ આ પ્રકારની માંગ વધેલી અનુભવાઈ રહી છે. યુવા દોસ્તો એકબીજાને મોબાઈલ પર વાત કરીને ભજીયા પાર્ટી એન્જોય કરવા નિશ્ચિત સ્થળે એકઠા થઈ રહ્યા છે. અનો સાથે તીખા તમતમતા મરચાં ખાઈનો સિસકારીઓ બોલાવી રહ્યા છે. આ સીઝનમાં તો શહરીજનોના ઘરમાંથી પણ દાળવડા-ભજીયા તળાવાની ખુશ્બુ પ્રસરી રહી છે.

# કોબા બંસરી ફલેટ પાસે કારની ટક્કરે યુવાનને ઈજા

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં કોરોનાના ભય વચ્ચે વરસાદની મૌસમ બરાબર જામી છે અનો આ વરસાદી મૌસમમાં અકસ્માત થવાના કિસ્સા પણ વધી રહ્યા છે.

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર કોબા બંસરી ફલેટ પાસે અકસ્માતમાં એક યુવાનને ઈજા પહોંચી છે. કોબા શુભ પાયોનીયર ખાતો રહેતા શૈલેષભાઈ પ્રહલાદભાઈ પટેલ (ઉં.૪૨) ઘરે બેઠા ઈલેકટ્રીકનું કામ કરે છે. રવિવારના રોજ રાત્રીના ૮ વાગ્યાના સુમારે તે જમીને ચાલવા માટે નીકળ્યા હતા તેઓ બંસરી ફલેટના દરવાજા આગળ પહોંચ્યા હતા તે સમયે પાછળથી આવી રહેલી કારે તોઓનો ટકકર મારી હતી. અકસ્માત સર્જીને કાર ચાલક ભાગી ગયો હતો. ત્યારે અકસ્માતનો પગલે સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તનો સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. જયાં તેઓને પાંસળીમાં ફેક્ચર હોવાનું તેમજ માથા અને શરીરે બેઠો માર વાગ્યો હોવાનું નિદાન થયું હતું. અકસ્માત સમયે હાજર આસપાસના નાગરીકોના મતે ગાડી નંદનવન બંગ્લોઝ નામની સોસાયટીની હતી. જેથી અકસ્માતમાં ઈજાગ્રસ્ત શૈલેષભાઈ પટેલ દ્વારા સમગ્ર મુદ્દે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલકને શોધવા માટે તો વિસ્તારના સીસીટીવી ફુટેજને પગલે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# આઈઆઈટી ગાંધીનગરનો નવમો પદવીદાન સમારોહ ઓનલાઈન યોજાયો

## ઈન્ફોસિસના સહસ્થાપક નંદન નિલકેણીએ વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા : કુલ ૪૫૫ વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ એનાયત કરાઈ : ૨૫ વિદ્યાર્થીઓને ગોલ્ડ અને ૧૫ વિદ્યાર્થીઓને સિલ્વર સાથે કુલ ૫૬ વિદ્યાર્થીઓએ મેડલ્સ મેળવ્યા : ૫૫ વિદ્યાર્થીઓને પીએચડીની પદવી પ્રાપ્ત થઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના પાલજ ખાતે સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીનો નવમો પદવીદાન સમારોહ ઓનલાઈન યોજાઈ ગયો. કોરોના મહામારીના કારણે વર્ચ્યુઅલી યોજવામાં આવેલા આ સમારોહમાં ઈન્ફોસિસના સહ સ્થાપક નંદન નિલકેણીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ સમક્ષ જીવનમાં શિક્ષણ પ્રાપ્તિ માટેની સફરને વર્ણની તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

આઈઆઈટી ગાંધીનગરના પદવીદાન સમારોહમાં કુલ ૪૫૫ વિદ્યાર્થીને સ્નાતકની પદવી એનાયત કરવામાં આવી હતી. જેપૈકી ૨૫ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ્સ, ૧૫ વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ્સ અને અન્ય ૧૬ વિદ્યાર્થીઓને મડાલિયન્સ અર્પણ કરાયા હતા. આ મેડલ્સ વિદ્યાર્થીઓને વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા બદલ એનાયત કરવામાં આવ્યા હતા. આ સાથે એક વિદ્યાર્થીએ બીટેક અને એમટેકની બેવડી પદવી અને અન્ય એક વિદ્યાર્થીઓ બીટેક સાથે




એમએસસીની બેવડી પદવી હાંસલ કરી હતી. ૪૫૫ વિદ્યાર્થીઓ પૈકી ૧૭૩ વિદ્યાર્થીઓને બીટેક, ૧૧૫ વિદ્યાર્થીઓએ એમટેક, ૮૪ વિદ્યાર્થીએ એમએસસી, ૧૯ વિદ્યાર્થીઓએ એમએ, ૭ વિદ્યાર્થીઓએ પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાં અને ૫૫ વિદ્યાર્થીઓએ પીએચડીની પદવી હાસંલ કરી હતી. આ પ્રસંગે નંદન નિલકેણીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા કહ્યું હતું કે ‘વૈશ્વિક મહામારીના સમયમાં આપ સ્નાતક થયા છો તે ખરેખર કપરો સમય છે, પરંતુ આ સમય જ તમારા અભિગમને નિખારશે અને ભવિષ્યમાં તમને તમારા લક્ષ્યાંકો હાંસલ કરવામાં વધુ વિશ્વાસુ બનાવશે. આપણે સૌ આ કટોકટીમાંથી જલ્દી બહાર આવીશું.’ આ પ્રસંગે આઈઆઈટી ગાંધીનગરના ડાયરેકટર પ્રો. સુધિર જૈને જણાવ્યું હતું કે ‘તમે સૌને રૂબરૂ સમારંભથી વંચિત રહેવાનો વસવસો હશે પરંતુ આપણે સૌ એજ ઉત્સાહથી જોડાયેલા છીએ અને ટેકનોલોજીના આભારી છીએ.’

## ચિરવિદાય

- સ્વ. રાવળ મીરાબેન અંબાલાલ, ઉ.વ. ૬૮, આદીવાડા, ગાંધીનગર
- સ્વ. ભરવાડ કરમણભાઈ લધાભાઈ, ઉ.વ. ૬૦, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. લીમ્બાચીયા મુકતાબેન રમણીકલાલ, ઉ.વ. ૬૨, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ડાભી સજનબા કરશનજી, ઉ.વ. ૮૨, ખોરજડાભી, તા. કલોલ
- સ્વ. રાઘુજ શંભુજી ઠાકોર, ઉ.વ. ૭૫, મ. સોલૈયા, તા. માણસા
- સ્વ. બુધાજી કાળજી ઠાકોર, ઉ.વ. ૫૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ઠકકર નીતાબેન પ્રવિણચંદ્ર, ઉ.વ. ૫૫, રાધનપુર, જી. પાટણ
- સ્વ. શૈલેષકુમાર કૃષ્ણલાલ સુખડીયા, ઉ.વ. ૬૦, રૂપાલ, તા. ગાંધીનગર